Letter No: TDD/0066/06/2024 Dt: 10-06-2024

**આશ્રમશાળાના શિક્ષકોને ખાનગી ટ્યુશન કરવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ,
**ઠરાવ ક્રમાંક:** TDD/FDD/e-file/25/2024/0472/GH
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણમાં લીધા:**

(૧) " ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૨૮ અને કલમ-૩૮

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તા.૧૬/૦૫/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: આવિ/આશા/ફા.નં. ૩૦૬૦/૨૦૨૪/૩૨૬૧

**આમુખ:-**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૨૮માં નીચે મુજબની જોગવાઇ છે.

"કોઇપણ શિક્ષક ખાનગી ટ્યુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃતિ કરી શકશે નહિ"

આ કલમની જોગવાઇઓનો અમલ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

ભારત સરકાર દ્વારા આમુખ (૧)માં દર્શાવવામાં આવેલ "The Right of Children to free and Compulsory Education Act 2009" ની કલમ-૨૮ની જોગવાઇ મુજબ કોઇપણ શિક્ષક ખાનગી ટ્યૂશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરવા ઉપર પ્રતિબંધ મૂકેલ છે. એટલે કે તમામ આશ્રમશાળાઓના શિક્ષકો/આચાર્યો કોઇપણ પ્રકારનું ખાનગી ટ્યૂશન કે તેને લગતી કોઇપણ પ્રવૃત્તિ નાણાં લઇને અથવા નાણાં લીધા સિવાય પણ કરી શકશે નહિ.

જે શિક્ષકો/આચાર્યો આ જોગવાઇનું ઉલ્લંઘન કરતા માલુમ પડશે અથવા તે અંગે કોઇ રજૂઆત કે ફરીયાદ પ્રાપ્ત થશે અને તેમાં તથ્ય જણાશે તો તેમની સામે તેમને લાગુ પડતા શિસ્ત અને સેવાના નિયમોનુસાર શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

આ ઠરાવ તમામ આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો/આચાર્યને લાગુ પડશે.

આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે જૂન-૨૦૨૪ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પી.એમ.પટેલ)**
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:12:54 +05:30

File No: TDD/FDD/e-file/25/2024/0472/GH Section
Approved By: Cabinet Minister,TDD_Min_Office,TDD

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૭, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આશ્રમશાળા)-(કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઇટ પર ઓનલાઇન મુકવવાની વ્યવસ્થા કરવા સારુ
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:12:54 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign